વિકલાંગ વ્યક્તિ(સમાન હક્ક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ ૧૯૯૫ હેઠળ અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી હેઠળની જુદા જુદા સંવર્ગની જગ્યાઓમાં વિકલાંગ વ્યક્તિઓ માટે સરકારી નોકરીમાં ૩% અનામતમાંથી મુક્તિ બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલક/૨૩૨૦૧૧/૧૯૩૧/જ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧/૧૨/૨૦૧૩.

સંદર્ભઃ

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯/૫/૨૦૦૬ના પરિપત્ર ક્રમાંક:અપગ-૧૦-૨૦૪૩-આઈ.૫૫/છ.૧.

૨) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૦૨/૮/૨૦૧૩ના પત્ર ક્રમાંક: મકમ/ખ/૧/૧૯૪૫/૨૦૧૩.

૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૧/૧૧/૨૦૧૩ના પત્ર ક્રમાંક:અપગ/૧૦/૨૦૧૩/૬૫૧૨૦૩/રો.૧.

ઠરાવ :

વિકલાંગ વ્યક્તિ(સમાન હક્ક, રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ ૧૯૯૫ હેઠળ સરકારી સેવાઓમાં ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ છે, જે અનુસંધાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંદર્ભ(૧) ઉપરના પરિપત્ર અન્વયે જેલ ખાતાના વિવિધ સંવર્ગની ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ અનામત રાખવાપાત્ર ન હોય તેવી જગ્યાઓ નિયત પત્રકમાં રાજ્ય સરકારની તજજ્ઞ સમિતિ સમક્ષ જરૂરી દરખાસ્ત કરવાની સૂચના આપેલ છે. જે અનુસંધાને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીએ સંદર્ભ(૨) ઉપરના પત્રથી જરૂરી દરખાસ્ત કરેલ.

૨. ઉક્ત બાબતે વિકલાંગ વ્યક્તિઓ માટે ૩% અનામતમાંથી મુક્તિ બાબતની અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષસ્થાને તજજ્ઞ સમિતિની બેઠક તા.૨૨/૧૦/૨૦૧૩ના રોજ યોજાયેલ, તેની સંદર્ભ(૩) ઉપરની કાર્યવાહી નોંધ મુજબ જેલ ખાતાની અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી હેઠળની નીચેની જગ્યાઓને વિકલાંગ માટે ૩% અનામત રાખવામાંથી મુક્તિ આપતો નિર્ણય લેવામાં આવેલ.

(૧) અધિક્ષક જિલ્લા જેલ(વર્ગ-૨)
(૨) સિપાઈ(મેન) વર્ગ-૩
(૩) સિપાઈ (વુમેન) વર્ગ-૩
(૪) ડ્રાઈવર વર્ગ-૩
(૫) જેલર ગ્રુપ-૨ (મેન) વર્ગ-૩
(૬) જેલર ગ્રુપ-૨ (વુમેન) વર્ગ-૩

૩. ઉક્ત ફકરા-૨ની વિગતે જેલ ખાતાના ૬(છ) સંવર્ગો માટે વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની જગ્યા ભરવા માટે આથી મુક્તિ આપવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ધીમંત એ.પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ અને સર્વે શાખાઓ.
- આઈ.ટી.સેલ, ગૃહ વિભાગ(વિભાગની વેબસાઈટ ઉપર મુકવાની વિનંતિસહ).
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી(ગાંધીનગર,ડાંગ સિવાય)
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- અધિક્ષકશ્રી,સર્વે મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/ઓપન જેલ/હેડ ક્વાર્ટર સબ જેલ(જે.ઈ.જ.શ્રી મારફત).
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/ શાખા સિલેકટ ફાઇલ.